**જુવે ઈન્કઆચરી કેસ નં:– ૩૦/૨૦૨૫**

**<u>આંક.૧ લગત હુકમ</u>**

સમગ્ર કેસ પેપર્સ વંચાણે, લીધા કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોર વિરુધ્ધ હાલની ઈન્કવાયરી બી.એન.એસ. કલમ : ૩૭૯ મુજબના ગુના સબબ ચલાવવામાં આવી રહેલ છે. કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોર સામે તા. ૧૬/૦૭/૨૫ ના રોજ વર્ણતુક અહેવાલ બોર્ડ સાક્ષ સૌ પ્રથમવાર રજુ કરવામાં આવેલ છે. ત્યારબાદ કા.સ.કીના વાલીને વારંવાર પ્રોસેસ કાઢવા છતા તેઓ એ્ના બોર્ડમાં હાજર રહેલ નથી. સદર હકીકત ધ્યાને લેતા હાલની ઈન્કવાયરી છેલ્લા ૧૧ માસ થી બોર્ડ સમક્ષ પેન્ડીગ હોવાનું જણાઈ આવે છે. જુવેનાઈલ જસ્ટીસ (કેર એન્ડ પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન) એક્ટ–૨૦૧૫ની કલમ ૨(૪૫) તથા કલમ ૧૪(૨) ને એકી સાથે વંચાણે લેતા, હળવા ગુના અંગેની ઈન્કવાચારી બોર્ડ દ્વારા તેવી ઈન્કવચારી સંબંધે સમય મર્યાદા લંબાવવામાં આવેલ હોય તો પણ વધુમાં વધુ છ મહિનામાં પુર્ણ કરવાની રહે છે. વધુમાં જુવેનાઈલ જસ્ટીસ (કેસ એન્ડ પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન) એક્ટની કલમ ૧૪(૪)ની જોગવાઈ મુજબ, હળવા ગુનાને લગતી ઈન્કવાયરી કાર્યવાહી, બોર્ડ દ્વારા તેવી ઈન્કવાયરી સંબંધે લંબાવવામાં આવેલ સમય મર્યાદા પુર્ણ થયા બાદ પણ એટલે કે છ માસ પુર્ણ થયા બાદ પણ અનીર્ણાચક રહેવા પામેલ હોય, તો તેવી ઈન્કવાચારીની કાર્યવાહી ટર્મીનેટ કરવાની રહે છે. હાલની ઈન્કવાયરીની કાર્યવાહી હળવા ગુના અંગેની છે અને તેવી કાર્યવાહી કાયદાના સંઘર્ષમા આવેલ બાળકને બોર્ડ સમક્ષ સૌ પ્રથમવાર રજુ કર્યા તારીખથી આજ દિન સુધી એટલે કે ૧૧ માસ ઉપરાંતના સમયથી અનિર્ણાચક રહેલ હોઈ ધી જુવેનાઈલ જસ્ટીસ (કેર એન્ડ પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન) એક્ટ– ૨૦૧૫ની કલમ ૨(૪૫) તથા કલમ ૧૪(૨) અને કલમ ૧૪(૪) ના પ્રબંધોને હાલના કેસની હકીકત સંદર્ભે સમગ્રપણે ધ્યાને લેતા ઈન્કવાયરી લગત ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–: હુકમ :–**

કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોર વિરુધ્ધની હાલની તપાસની કાર્યવાહી ટર્મીનેટ કરવામાં આવે છે.

મુદ્દામાલ અંગે વચગાળાનો કરવામાં આવેલ હુકમ કાયમી રાખવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૧૭/૦૭/૨૦૨૬ ના રોજ ખુલ્લા બોર્ડમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**તા.૧૭/૦૭/૨૦૨૬**
**મુ. મોડાસા**

**(એસ. આર. શર્મા)**
**પ્રિન્સીપાલ મેજીસ્ટ્રેટ જુવેનાઇલ જસ્ટીસ બોર્ડ,**
**જી.જે.૦૧૫૭૧**